# શહેરમાં વિજકડાકા સાથે બે કલાકમા બે ઈંચ વરસાદ

**સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : ઠેર ઠેર પાણી ભરાયા : માર્ગો આસપાસ માટી પોલાણના લીધે ગાબડા : આક્રમક વિજકડાકાથી નાગરિકોમાં ગભરાટ પ્રવર્તયો : શહેરમાં સિઝનનો ૨૩ ઇંચ વરસાદ**







ગાંધીનગર તા ૨૧

શહેરમાં આજે સવારથી જ મેઘરાજા તોફાની મિજાજમાં જોવા મળ્યા હતા. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા જયારે ગાજવીજ સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ ધોધમાર વરસાદ વચ્ચે ગગનભેદી વિજકડાકા થતા સેકટરવાસીઓએ પણ બેઘડી ગભરાટ અનુભવ્યો હતો. સતત ગાજતા આકાશમાં થી વરસતા વરસાદના લીધે સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ બે કલાકમાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો. ગગનભેદી વિજકડાકા દિવસ દરમિયાન ટોક ઓફ ધ ટાઉન બન્યા હતા. સેકટરોમાં આંતરિક માર્ગો, કોમન પ્લોટ તેમજ નિચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૨૩ ઈંચ વરસાદ થયો છે.

શહેરમાં આજે સવારે મેઘરાજા તોફાની મિજાજમાં જોવા મળ્યા હતા. સવારે ગગનભેદી વિજકડાકા વચ્ચે ધોધમાર વરસાદ વરસ્યો હતો. સવાર થી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે આકાશમાં ઘનઘોર વાદળોના ઘેરાવ વચ્ચે વાદળ ગર્જના સાથે વિજચમકારા થતા વરસાદી નઝારો વધુ નિખર્યો હતો. થોડીવારમાં જ આકાશમાંથી ગગનભેદી વિજકડાકા થતા નગરજનો પણ બેઘડી ભયભીત થઈ ગયા હતા. આકાશમાંથી કાન ફાડી નાંખે તેવા કડાકાથી સેકટરવાસીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. મેઘરાજાના આક્રમક મિજાજથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. આકરા વિજકડાકા સાથે વરસાદનુ પણ જોર વધુ હોવાથી થોડીવારમાં જ સેકટરોમાં ઠેર ઠેર પાણી પાણી થઈ ગયુ હતુ. બે કલાક સુધી વરસેલા મુશળધાર વરસાદના લીધે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. સેકટરોમાં નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. સેકટરોના આંતરિક માર્ગો, કોમન પ્લોટ તેમજ રીંગ રોડ પર નીચાણવાળા વિસ્તારમાં પણ વરસાદી પાણીનો ભરાવો થઈ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વધુ ૧૮ દર્દીને રજા અપાઈ

**વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત : ગાંધીનગરમાં ૪, માણસામાં ૫ અને કલોલમાં ૭ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૬ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણના કેસો વધતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૩૦૦ને પાર કરી ચુકી છે.

ગ્રામ્ય વિસ્તારના વધુ બે દર્દીઓના આજે સારવાર દરમ્યાન મોત થયા છે. આ બન્ને દર્દી ગાંધીનગર તાલુકાના હતા. જેમાં એક દર્દીની આયુ ૬૮ વર્ષ છે જ્યારે બીજા દર્દીની આયુ ૫૨ વર્ષ છે.

૫૨ વર્ષીય દર્દી કોલવડાના રહીશ હોવાનું જાણવા મળેલ છે. જ્યારે ૬૮ વર્ષીય વડીલ વાવોલ ગામના રહીશ હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં વધતા જતા મૃત્યુઆંકને લઈ તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

**જિલ્લામાં વધુ ૧૬ કેસ નોંધાયા**

આ બન્ને દર્દીઓ ૧૦ દિવસથી સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ હતા.

આજે આ બે દર્દીઓના મોત સાથે ગ્રામ્ય વિસ્તારનો મૃત્યુઆંક ૯૬ પર પહોંચ્યો છે. આજે આ બે દર્દીના મોતના સમાચારથી તંત્રમાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

આજે જિલ્લામાં નોંધાયેલા ૧૬ કેસ છે. જેમાં ૬ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં ગાંધીનગરના ૪, માણસાના ૫ અને કલોલના ૭ કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામેથી એક ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોબામાંથી ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી એક ૧૯ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન માર્ગોની આસપાસ માટી પોલાણ થવાના લીધે મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોમાં ઘણાં ઠેકાણે આવા ભયજનક દ્રશ્યો જોવા મળે છે. શુક્રવારે વહેલી સવારે તોફાની વરસાદના અંતે પણ માર્ગો આસપાસ આવી જોખમી સ્થિતિ જોવા મળી હતી. મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા તોફાની વરસાદના અંતે શહેરમાં ગાબડાઓનુ નિરિક્ષણ કરી નાગરિકોને ભયજનક સ્થિતિમાંથી ઉગારવા કામે લાગ્યા હતા. નગરના રોડ નં - ૭ પર ભારે વરસાદના અંતે અત્યંત ભયજનક સ્થિતિ સર્જાઈ હતી. માર્ગની એકબાજુ માટી પોલાણ થવાના લીધે તોતિંગ ગાબડુ સર્જાયુ હતુ આ વેળાએ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ સ્થળ પર ઉભા રહીને કોર્પોરેશનના અધિકારીઓને ગાબડા પુરવા સુચના આપી હતી જેના અંતે ભયજનક ગાબડાને પુરવા માટી પુરાણ કરીને કોઈ વાહનચાલક અકસ્માતનો ભોગ ન બને તે મુજબની વ્યવસ્થા પણ કરાવી હતી.


શહેરના ૭નંબરના માર્ગ પર પડેલા ભૂવાનું નિરીક્ષણ કરતાં મનપા સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા

# શહેરમાં કોરોનાના કેસો ૭૦૦ નજીક

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૪ કેસ નોંધાતા તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ હતુ. આજે નોંધાયેલા કેસો સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૬૯૨ થઈ છે જે સાતસોના આંકની નજીક છે.

આજે નોંધાયેલા કેસો સે. ૮ માંથી બે, સે. ૧૩ માંથી ૨, સે. ૧૨ માંથી ૨ અને સે. ૨૯ માંથી બે કેસો ઉપરાંત સે. ૧૯, સે. ૧, સે. ૭, સે. ૨૮, ૨૦ અને ૨૬ માંથી કેસો મળી આવ્યા છે.

આજે ૪ જેટલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં હોમ આઈસોલેશન હેઠળના દર્દીઓની સંખ્યા ૫૦ પર પહોંચી છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે, આજે શહેરમાં ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે શહેરમાં હાલ ૫૪૯ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. હાલ ૧૨૮ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં ઘનિષ્ટ સર્વેલન્સ તેમજ ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટમેન્ટની પોલિસીનું આક્રમકતાથી અમલીકરણ થઈ રહ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

**સે. ૧૯ ના એક ૩ વર્ષીય ભૂલકાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો : સે. ૮ માં બે, સે. ૧૨ માં ૨, સે. ૧૩ માં ૨, સે. ૨૯ માં ૨ ઉપરાંત સે. ૨૬, સે. ૨૦, ૭, ૨૮, ૧ અને ૨૯ માંથી કેસો મળી આવ્યા**

ગાંધીનગર શહેરમાં ૩ વર્ષનું નાનુ બાળક જે સે. ૧૯ માં રહે છે તે કોરોનાથી સંક્રમિત થયુ છે. આટલી નાની વયનું બાળક સંક્રમિત થયાનો પહેલો કિસ્સો નગરમાં નોંધાયો છે.

આ બાળક સંક્રમિત પરિવારનું સભ્ય છે. જો કે સે. ૧૯ માં વધતા જતા કેસોની સંખ્યાએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. આ બાળકની સારવાર માટે હોમ આઈસોલેશનનો વિકલ્પ પરિવારે સ્વીકાર્યો છે. તંત્રએ આ પરિવારના પાંચ સભ્યોને અગાઉથી જ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં બે કેસ સે. ૧૨ના નોંધાયા છે. અમદાવાદની ખાનગી કંપનીમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા અને સે. ૧૨ માં રહેતા એક ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.


સે. ૧૨ માં બીજો કેસ એક ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં નોંધાયો છે. આ વૃદ્ધને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આ વૃદ્ધના પરિવારની એક વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૮ માંથી પણ આજે વધુ બે કેસ નોંધાયા છે. હિંમતનગર ખાતે વાણિજય ક્ષેત્ર સાથે સંકળાયેલ ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત નાના-ચિલોડા બાજુ બિલ્ડર તરીકેનો વ્યવસાય કરતા એક ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ બિલ્ડરે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારેલ છે. તંત્રએ બિલ્ડરના પરિવારના એક સભ્યને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૧૩ માં પણ બે કેસ નોંધાયા છે. ૩૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરેલ છે.

● અનુસંધાન પાન-૭ પર





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com